'આસ્થા સાથે સુરક્ષા'નો અમારો અભિગમ છે

# નર્મદા પરિક્રમા માટે સુવિધાઓ સાથે વોટરપ્રૂફ ડોમ બનાવાશે

**ડોમમાં** ખાટલા, ગાદલાં, બેડશીટ, ખુરશીઓ સહિતની વ્યવસ્થા ઊભી કરાશે

**પરિક્રમામાં** માર્ગ પર ડોમ શેલ્ટર, મોબાઈલ ટોઇલેટ, વોટર સ્ટેશન, ૨૪ કલાક એમ્બ્યુલન્સની સગવડ મળશે

ગાંધીનગર : ગુજરાતમાં આગામી ૧૯ માર્ચથી શરૂ થનારી પવિત્ર ઉત્તરવાહિની પંચકોશી નર્મદા પરિક્રમાને લઈને રાજ્ય સરકારે તડામાર તૈયારીઓ શરૂ કરી છે. આ ૩૦ દિવસીય પરિક્રમા ફાગણ વદ અમાસ ૧૯ માર્ચથી શરૂ થઈ ચૈત્ર વદ અમાસ ૧૭ એપ્રિલ ૨૦૨૬ સુધી ચાલશે. હજારો શ્રદ્ધાળુઓ પરિક્રમા માટે ઉમટે તેવી શક્યતાને ધ્યાનમાં રાખીને રાજ્ય સરકાર દ્વારા અંદાજે રૂ. ૧૦ કરોડના ખર્ચે વિવિધ સુવિધાઓ ઊભી કરવામાં આવી રહી છે.

સીએમ ભૂપેન્દ્ર પટેલના 'આસ્થા સાથે સુરક્ષા'ના સંવેદનશીલ અભિગમ હેઠળ ગુજરાત પવિત્ર યાત્રાધામ વિકાસ બોર્ડ દ્વારા સમગ્ર આયોજન હાથ ધરાયું છે. પરિક્રમાર્થીઓની યાત્રા સુગમ બને તે માટે અંદાજે રૂ. ૫.૪૫ કરોડના ખર્ચે હંગામી સુવિધાઓ ઊભી કરવામાં આવી રહી છે. તેમાં ડોમ શેલ્ટર, મોબાઈલ ટોઇલેટ, વોટર સ્ટેશન, મેડિકલ યુનિટ, ૨૪ કલાક એમ્બ્યુલન્સ, ઇમરજન્સી હેલ્પ પોઇન્ટ સહિત અનેક સુવિધાઓ ઉપલબ્ધ કરાવવામાં આવશે. વિશાળ વોટરપ્રૂફ ડોમ શેલ્ટરમાં યાત્રાળુઓ માટે ખાટલા, ગાદલા, બેડશીટ, ખુરશીઓ સહિત આરામદાયક બેઠક અને વિશ્રામની વ્યવસ્થા કરવામાં આવશે. સાથે જ સ્નાનગૃહ, ચેન્જિંગ રૂમ, ક્લોક રૂમ તેમજ સેવા કેન્દ્રો અને દુકાનો પણ ઊભી કરવામાં આવશે.

મહિલાઓ અને પુરુષો માટે અલગ હંગામી શૌચાલય, મોબાઇલ ટોયલેટ વાન, સતત પાણી પુરવઠો અને કચરા વ્યવસ્થાપન માટે ખાસ વ્યવસ્થા કરવામાં આવી છે. પરિક્રમા વિસ્તાર સ્વચ્છ રહે તે માટે હાઉસકીપિંગ ટીમો અનેક શિફ્ટમાં સતત કામગીરી કરશે. પરિક્રમા વિસ્તારમાં પોલીસ બૂથ, સુરક્ષા કેબિન અને વોચ ટાવર ઉભા કરવામાં આવશે. ઉપરાંત ભીડ નિયંત્રણ માટે બેરિકેડિંગ તેમજ ઇન્ફ્રારેડ અને આરએફઆઈડી આધારિત હેડ કાઉન્ટ સિસ્ટમ દ્વારા યાત્રાળુઓની અવરજવર પર નજર રાખવામાં આવશે.

સુરત જિલ્લા પંચાયત અને તાલુકા પંચાયતની મુદત પૂર્ણ

# સુરત જિલ્લા પંચાયતના શાસકોની ટર્મ પૂરી, વહીવટદાર તરીકે કલેક્ટર

**ચૂંટણી** પૂર્ણ થાય અને નવા સભ્યો પદભાર સંભાળે ત્યાં સુધી અધિકારીઓ સંભાળશે પંચાયતનો વહીવટ

**તાલુકાવાર નિયુક્તિ કરવામાં આવી**

| | |
|---|---|
| કામરેજ તાલુકા પંચાયત | કામરેજ પ્રાંત |
| બારડોલી તાલુકા પંચાયત | બારડોલી પ્રાંત |
| ઉમરપાડા તાલુકા પંચાયત | માંડવી પ્રાંત |
| ઓલપાડ તાલુકા પંચાયત | ઓલપાડ પ્રાંત |
| માંડવી તાલુકા પંચાયત | નિયામક, ડી.આર.ડી.એ. સુરત |
| માંગરોળ તાલુકા પંચાયત | માંડવી પ્રાંત |
| મહુવા તાલુકા પંચાયત | બારડોલી પ્રાંત |
| ચોર્યાસી તાલુકા પંચાયત | ઓલપાડ પ્રાંત |
| પલસાણા તાલુકા પંચાયત | કામરેજ પ્રાંત |

સુરતઃ ગુજરાત રાજ્યની કુલ ૩૧ જિલ્લા પંચાયત અને ૨૨૯ તાલુકા પંચાયતના સભ્યોની પાંચ વર્ષની મુદત આજે પૂર્ણ થઈ ગઈ છે. આ સાથે જ સુરત જિલ્લો જિલ્લા પંચાયત અને તાલુકા પંચાયતના સભ્યોની મુદત પણ આજે સમાપ્ત થઈ છે. જેના પગલે આગામી ચૂંટણી પૂર્ણ થાય અને નવા સભ્યો પદભાર સંભાળે ત્યાં સુધી પંચાયતનો વહીવટ અધિકારીઓને સોંપવામાં આવ્યો છે.

આ અનુસંધાને સુરત જિલ્લા પંચાયતના વહિવટ માટે ડૉ. સૌરભ પારધી, જિલ્લા કલેક્ટરને વહિવટદાર તરીકે નિમણૂક કરવામાં આવી છે. હવે જિલ્લા પંચાયતના તમામ વહીવટી કામો કલેક્ટરના માર્ગદર્શન હેઠળ આગળ વધારવામાં આવશે. સાથે જ જિલ્લા પંચાયત સાથે સાથે સુરત જિલ્લાના વિવિધ તાલુકા પંચાયતોમાં પણ અધિકારીઓને વહિવટદાર તરીકે નિયુક્ત કરવામાં આવ્યા છે. અલગ-અલગ પ્રાંતો અને વિભાગોને તાલુકા પંચાયતનો તાત્કાલિક વહીવટ સોંપવામાં આવ્યો છે. રાજ્યભરમાં પંચાયત સંસ્થાઓની મુદત પૂર્ણ થતાં હવે આગામી સમયમાં નવી ચૂંટણી યોજાશે. ચૂંટણી પ્રક્રિયા પૂર્ણ થઈ નવા સભ્યો પદભાર સંભાળે ત્યાં સુધી તમામ વહીવટી અને વિકાસ કાર્યો અધિકારીઓના નિયંત્રણ હેઠળ ચાલુ રહેશે. આ તાત્કાલિક વ્યવસ્થા દ્વારા પંચાયત સ્તરે વિકાસ કામો અને રોજિંદા વહીવટમાં કોઈ અવરોધ ન આવે તે માટે સરકાર દ્વારા આ પગલું લેવામાં આવ્યું હોવાનું જાણવા મળે છે.

# સુરતમાં બે વર્ષમાં 568 ડ્રગ માફિયા ઝડપાયા

**3146** કિલોથી વધુનો નશીલા પદાર્થનો જથ્થો ઝડપાયો



ગાંધીનગર : સુરત જિલ્લામાં છેલ્લા બે વર્ષ દરમિયાન પોલીસ દ્વારા ડ્રગ્સ વિરુદ્ધ કાર્યવાહી દરમ્યાન અફીણ અને અન્ય નશીલા પદાર્થોનો મોટા જથ્થા સાથે અનેક આરોપીઓને ઝડપવામાં આવ્યા છે. તા. 31 જાન્યુઆરી 2026ની સ્થિતિએ કુલ 568 લોકોને ડ્રગ્સ કારટેલમાં સંડોવણી બદલ ધરપકડ કરવામાં આવી હોવાનું સરકારે જણાવ્યું છે.

સરકારના જણાવ્યા મુજબ અલથાણ, ખટોદરા, સારોલી, ગોડાદરા, પુણા અને કડોદરા વિસ્તારોમાંથી કુલ 16 કિલો 77 ગ્રામ 6 મિલિગ્રામ અફીણ પકડવામાં આવ્યું છે. આ ઉપરાંત ઉધના, અલથાણ, પુણા, કાપોદ્રા, ખટોદરા, ઉમરા, ભેસ્તાન, સારોલી, કતારગામ, સરથાણા, સલાબતપુરા, સિંગણપોર, ગોડાદરા, સચિન, વરાછા, લિંબાયત, અમરોલી, ડીંડોલી, પાંડેસરા, ઈચ્છાપોર, મહિધરપુરા, સચિન જી.આઈ.ડી.સી., ઉત્રાણ, વેસુ, ડુમ્મસ, હજિરા, લસકાણા, પાલ, અડાજણ, ચોક બજાર, રાંદેર, અઠવા, અશ્વિનીકુમાર, લાલગેટ, જહાંગીરપુરા, કામરેજ, ઓલપાડ, કોસંબા, બારડોલી, પલસાણા અને કડોદરા વિસ્તારોમાંથી અન્ય નશીલા પદાર્થોનો 3146 કિલો 904 ગ્રામ 572 મિલિગ્રામ જેટલો જથ્થો તથા 2620 સીરપ બોટલો જપ્ત કરવામાં આવી છે.

# મૂલ્યાંકનની ભ્રામક માહિતી શેર ન કરવા CBSEની શિક્ષકોને કડક ચેતવણી

**ધોરણ** 10 અને 12ની પરીક્ષાનાં પેપર ચેકિંગમાં જોડાયેલા શિક્ષકોને ગુપ્તતા જાળવવા સૂચના

**અફવા** ફેલાવશે તો કાર્યવાહી કરવામાં આવશે

સુરતઃ કેન્દ્રીય માધ્યમિક શિક્ષણ બોર્ડ દ્વારા ધોરણ 10 અને ધોરણ 12ની બોર્ડ પરીક્ષાના મૂલ્યાંકન કાર્યમાં જોડાયેલા શિક્ષકો માટે મહત્વપૂર્ણ પરિપત્ર જાહેર કરવામાં આવ્યો છે.

બોર્ડના ધ્યાન પર આવ્યું છે કે મૂલ્યાંકન પ્રક્રિયામાં જોડાયેલા કેટલાક શિક્ષકો સોશિયલ મીડિયા પ્લેટફોર્મ પર પોતાના અનુભવ, ટિપ્પણીઓ અને અભિપ્રાયો શેર કરી રહ્યા છે. આમાંના ઘણાં પોસ્ટ ભ્રામક અથવા તથ્યવિહિન હોવાના કારણે વિદ્યાર્થીઓ, વાલીઓ અને અન્ય હિતધારકોમાં ગેરસમજ અને અફવા ફેલાવવાની શક્યતા ઊભી થાય છે.

CBSEએ જણાવ્યું છે કે મૂલ્યાંકન પ્રક્રિયા અંગે કોઈપણ પ્રકારની ભ્રામક માહિતી ફેલાવવી કે સોશિયલ મીડિયા પર અફવા ઉભી કરવી વ્યાવસાયિક આચરણના નિયમોનું ઉલ્લંઘન ગણાશે. CBSEએ સ્પષ્ટ કર્યું છે કે જો કોઈ શિક્ષક મૂલ્યાંકન પ્રક્રિયા અંગે સોશિયલ મીડિયા પર ખોટી માહિતી અથવા અફવા ફેલાવવાનો પ્રયાસ કરશે તો તેની સામે શિસ્તભંગની કાર્યવાહી કરવામાં આવી શકે છે. શિક્ષકોને સંયમ રાખવા અને પોતાની ફરજ નિભાવતી વખતે ગૌરવ અને વ્યાવસાયિકતા જાળવવાની સલાહ આપવામાં આવી છે.

# બ્લોકને લીધે આજે સુરતથી વિરાર ટ્રેન દહાણુ સુધી જ દોડશે

**વિરારથી** દહાણુની ટ્રેન રદ્દ, અનેક લોકલ ટ્રેનો રદ, પાલઘર અને બોઇસર વચ્ચે બ્લોક લેવામાં આવશે

સુરતઃ પશ્ચિમ રેલવેના મુંબઈ ડિવિઝનમાં બોઈસર અને પાલઘર સ્ટેશનો વચ્ચે હાથ ધરવામાં આવનાર મહત્વના એન્જિનિયરિંગ કાર્યને પગલે આગામી ૧૭ માર્ચના રોજ રેલ વ્યવહાર ખોરવાશે. ટ્રેક મેન્ટેનન્સ અને ઓવરહેડ સાધનોની સુરક્ષાના હેતુથી લેવામાં આવેલા આ મેગા બ્લોકને કારણે ખાસ કરીને સુરત અને મુંબઈ વચ્ચે દૈનિક મુસાફરી કરતા નોકરિયાત વર્ગ અને વેપારીઓને ભારે મુશ્કેલીનો સામનો કરવો પડી શકે છે.

રેલવેના સત્તાવાર સૂત્રો પાસેથી મળતી વિગતો અનુસાર, આ મેન્ટેનન્સ કાર્યને કારણે ઘણી લોકલ અને મેમુ (MEMU) ટ્રેનોને સંપૂર્ણપણે રદ કરવાનો નિર્ણય લેવાયો છે. જેમાં ટ્રેન નંબર ૯૩૦૪૨ દહાણુ રોડ-વિરાર લોકલ, ટ્રેન નંબર ૬૯૧૭૩ વિરાર-દહાણુ રોડ મેમુ, અને ટ્રેન નંબર ૯૩૦૩૯ વિરાર-દહાણુ રોડ લોકલ ૧૭ માર્ચના રોજ પાટા પર દોડશે નહીં.

આ ઉપરાંત, સુરતથી ઉપડતી મહત્વની ગણાતી ટ્રેન નંબર ૧૯૧૦૨ સુરત-વિરાર પેસેન્જર ટ્રેનને શોર્ટ-ટર્મિનેટ કરવામાં આવી છે. એટલે કે, આ ટ્રેન તેના નિર્ધારિત સ્ટેશન વિરાર સુધી જવાને બદલે દહાણુ રોડ સ્ટેશન પર જ અટકી જશે. જે મુસાફરોએ વિરાર કે મુંબઈ તરફ જવાનું આયોજન કર્યું હશે,

તેમણે દહાણુ થી અન્ય વૈકલ્પિક વ્યવસ્થા કરવી પડશે. રેલવે વહીવટીતંત્રે સ્પષ્ટતા કરી છે કે ટ્રેકની મજબૂતી અને મુસાફરોની સલામતી સુનિશ્ચિત કરવા માટે આ એન્જિનિયરિંગ બ્લોક અનિવાર્ય છે. બ્લોક દરમિયાન માત્ર લોકલ ટ્રેનો જ નહીં, પરંતુ કેટલીક મેઈલ અને એક્સપ્રેસ ટ્રેનોને પણ માર્ગમાં નિયંત્રિત (રેગ્યુલેટ) કરવામાં આવશે.

જેના પરિણામે લાંબા અંતરની ટ્રેનો પોતાના નિર્ધારિત સમય કરતા વિલંબથી દોડી શકે છે. રેલવે તંત્રે મુસાફરોને અપીલ કરી છે કે,પ્રવાસ શરૂ કરતા પહેલા ટ્રેનની નવીનતમ સ્થિતિ અને સમયપત્રક વિશે ચોક્કસ તપાસ કરી લેવી જેથી સ્ટેશન પર જઈને હાલાકી ન ભોગવવી પડે. ઉનાળાની શરૂઆતમાં ટ્રેક મેન્ટેનન્સની આ કામગીરી રેલવે ટ્રાફિકને લાંબા ગાળે સુગમ બનાવશે તેવો દાવો અધિકારીઓ દ્વારા કરવામાં આવ્યો છે.

# કામરેજમાં ગેરકાયદે રેતીખનન 2.10 કરોડનો મુદ્દામાલ સીઝ

**ખાણખનીજ** વિભાગે ત્રણ હિટાચી મશીન, છ યાંત્રિક નાવડી, ત્રણ ટ્રક કબજે કરી



કામરેજઃ કામરેજના ધાતવા અને જીઓરમાં ખાણખનીજ વિભાગ સફાળે જાગીને દરોડા પાડતાં ત્રણ હિટાચી મશીન, છ યાંત્રિક નાવડી, ત્રણ ટ્રક મળી આવતાં કુલ રૂ.2.10 કરોડનો મુદ્દામાલ સીઝ કરવામાં આવ્યો હતો. કામરેજના જીઓર અને ધાતવા ગામની હદમાં પણ તાપી નદીમાં ગેરકાયદે રેતીખનન કરવામાં આવી રહ્યું હોવાની ફરિયાદ સુરત જિલ્લા કોંગ્રેસ સમિતિના મહામંત્રી દર્શન નાયક દ્વારા ખાણખનીજ વિભાગમાં લેખિતમાં કરવામાં આવી હતી. જેને રેલો ખાણખનીજ વિભાગના સત્તાધીશોને આવતા સોમવારના રોજ સવારમાં જ ધાતવા ગામે રોયલ્ટી ઈન્સ્પેક્ટર હિતેશ પટેલ તેમજ માઈન્સ સુપરવાઈઝર રાજપાલ મોરી દ્વારા નદીના પટમાં ગેરકાયદે ખનન કરતાં બે હિટાચી મળી, ત્રણ નાવડી અને બે ટ્રકને પકડી પાડી રૂ.1.30 કરોડનો મુદ્દામાલ જપ્ત કરવામાં આવ્યો હતો. જે મુદ્દામાલ ગામના સરપંચને સોંપવામાં આવ્યો હતો. જે દુષ્યત રામાનદી અને મનીષ દ્વારા કરવામાં આવતું હોવાનું બહાર આવ્યું હતું. જ્યારે બીજી ટીમ જીઓર ગામે રોયલ્ટી ઈન્સ્પેક્ટર હસમુખ કાનકડ અને માઈન્સ સુપરવાઈઝર દિનેશ દ્વારા તાપી નદીમાં તપાસ કરતાં એક હિટાચી મશીન, ત્રણ યાંત્રિક નાવડીઓ અને એક ટ્રક મળી કુલ રૂ.80 લાખનો મુદ્દામાલ સીઝ કરવામાં આવ્યો હતો. ગેરકાયદે રેતીખનન દીપક રમણ સોલંકી દ્વારા કરવામાં આવતું હોવાનું બહાર આવ્યું હતું.

## અનુસંધાન... પાના છેલ્લાનું

### માવઠાની આગાહી...

આગાહીની અસર હવે ધીમે ધીમે જોવા મળી રહી છે. આજે તાપમાનમાં આવેલા ઘટાડાને માવઠાની શક્યતા સાથે જોડવામાં આવી રહ્યો છે. આગામી દિવસોમાં આ વિસ્તારમાં વાદળછાયું વાતાવરણ અને છૂટાછવાયા વરસાદની શક્યતા પણ વ્યક્ત કરવામાં આવી છે. હવામાનમાં આવેલા આ બદલાવને કારણે આગામી દિવસોમાં તાપમાનમાં વધુ ફેરફાર જોવા મળે તેવી સંભાવના વ્યક્ત કરવામાં આવી રહી છે.

### ધો.10ના...

કાર્યક્રમમાં વિદ્યાર્થીઓ અને વાલીઓ મોટી સંખ્યામાં હાજર રહ્યા હતા. કાર્યક્રમ દરમિયાન ડાન્સ કરતી વખતે બે વિદ્યાર્થીઓ વચ્ચે પગ વાગવાની બાબતે બોલાચાલી થઈ હતી. તે સમયે મામલો શાંત થઈ ગયો હતો, પરંતુ કેટલાક વિદ્યાર્થીઓએ તેની અદાવત રાખી હતી. કાર્યક્રમ પૂર્ણ થયા બાદ ધોરણ 10માં અભ્યાસ કરતો વિદ્યાર્થી પોતાની માતા સાથે ઘરે જવા નીકળ્યો હતો. તે સમયે સ્કૂલના ગેટ બહાર પહેલેથી જ રાહ જોઈ રહેલા ચાર સગીરો દ્વારા તેને રોકવામાં આવ્યો હતો.

આરોપીઓએ વિદ્યાર્થી સાથે બોલાચાલી કરી અપશબ્દો બોલ્યા હતા અને મારપીટ શરૂ કરી હતી. આ દરમિયાન એક સગીરે પોતાની પાસે રહેલો રેમ્બો છરો કાઢી વિદ્યાર્થીના પેટ અને પીઠના ભાગે ત્રણ ઘા ઝીંકી દીધા હતા. હુમલા બાદ વિદ્યાર્થી લોહીલુહાણ હાલતમાં ત્યાં જ ઢળી પડ્યો હતો. ઘટનાને પગલે આસપાસના લોકો દોડી આવ્યા હતા અને ઇજાગ્રસ્ત વિદ્યાર્થીને તાત્કાલિક હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યો હતો. હાલ તેની સર્જરી કરવામાં આવી હોવાનું જાણવા મળ્યું છે.ઘટનાની જાણ થતા પાંડેસરા પોલીસે તાત્કાલિક તપાસ શરૂ કરી હતી. પોલીસે આસપાસના વિસ્તારમાં તપાસ કરી અને ટૂંક સમયમાં જ હુમલામાં સંડોવાયેલા ચારેય સગીરોને ઝડપી લીધા હતા. પોલીસ દ્વારા હુમલામાં ઉપયોગમાં લેવાયેલા હથિયાર અને સમગ્ર ઘટનાક્રમ અંગે વધુ તપાસ હાથ ધરવામાં આવી છે.

### હુમલા માટે...

છોડી દીધેલું. જે વિદ્યાર્થીએ ભણવાનું છોડી દીધેલું છે એણે છ મહિના પહેલા શોખ માટે ઓનલાઇન આ રેમ્પો છરો ખરીદ્યો હતો.

### 'તારામાં બહુ...

બોલવા લાગ્યા હતા. વાત વધતા આરોપીઓએ વિદ્યાર્થી સાથે ધક્કામુક્કી કરી મારપીટ શરૂ કરી દીધી હતી. આ દરમિયાન એક સગીરે પોતાની પાસે રહેલું તિક્ષ્ણ હથિયાર બહાર કાઢી અચાનક હુમલો કર્યો હતો.તેણે વિદ્યાર્થીના પીઠ અને પેટના ભાગે ઘા ઝીંક્યા હતા.અચાનક થયેલા હુમલાથી વિદ્યાર્થી ગંભીર રીતે ઘાયલ થઈ લોહીલુહાણ હાલતમાં ત્યાં જ ઢળી પડ્યો હતો.

### પાંડેસરા પોલીસે...

હથિયાર વિશે પણ તપાસ શરૂ કરી છે. બીજી તરફ ઇજાગ્રસ્ત વિદ્યાર્થી હોસ્પિટલમાં સારવાર હેઠળ હોવાથી પરિવારજનો ભારે ચિંતામાં મુકાયા છે. પુત્ર ગંભીર હાલતમાં હોસ્પિટલમાં દાખલ છે અને બોર્ડ પરીક્ષાનું પેપર પણ ચૂકી ગયો હોવાથી પરિવારજનોએ આરોપીઓ સામે કડક કાર્યવાહી કરવાની માંગ ઉઠાવી છે.

### હુમલાને કારણે...

હાલ પરિવારજનો હોસ્પિટલમાં તેની તબિયત સુધરે તે માટે પ્રાર્થના કરી રહ્યા છે અને આરોપીઓ સામે કડક કાર્યવાહી કરવાની માંગ ઉઠાવી છે.

### ગેસ કાળાબજારી...

ગેસ કંપનીના અધિકારીઓ, સુરત મહાનગરપાલિકા, માર્ગ અને મકાન વિભાગ, જી.આઈ.ડી.સી., વન વિભાગ તેમજ રેલવે વિભાગના અધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા. બેઠકમાં ગેસ પુરવઠાની સ્થિતિ, સ્ટોક વ્યવસ્થા તેમજ સંભવિત અછત સામે લેવામાં આવતાં પગલાં અંગે વિસ્તૃત ચર્ચા કરવામાં આવી હતી. બેઠક બાદ મીડિયા સાથે સંવાદ કરતાં કલેક્ટર ડો.સૌરભ પારધીએ જણાવ્યું હતું કે, સુરત શહેર અને જિલ્લામાં ઓઈલ મેનેજમેન્ટ કંપનીઓ પાસે એલપીજી ગેસનો પૂરતો સ્ટોક ઉપલબ્ધ છે. ગેસ વિતરક કંપનીઓ દ્વારા સપ્લાય સંપૂર્ણપણે નિયમિત છે અને ગેસ પુરવઠામાં કોઈપણ પ્રકારની અછત કે વિક્ષેપ સર્જાયો નથી. તેમણે નાગરિકોને અપીલ કરતા જણાવ્યું કે, ખોટી અફવાઓથી દૂર રહીને જરૂરિયાત કરતાં વધુ ગેસ સિલિન્ડર બુક કરાવવાનું ટાળવું જોઈએ. ગભરાટમાં પેનિક બુકિંગ થવાથી અનાવશ્યક પરિસ્થિતિ ઊભી થઈ શકે છે.

### બાયોલોજીનું પેપર...

આવ્યો હતો. કુલ મળીને બાયોલોજીનું પ્રશ્નપત્ર સંપૂર્ણપણે NCERT ટેક્સ્ટબુક આધારિત હોવાથી તૈયારી કરનારા વિદ્યાર્થીઓ માટે પેપર સરળ રહ્યું હતું. પેપરનું સ્તર મધ્યમ હોવાથી મોટા ભાગના વિદ્યાર્થીઓએ સમયસર પ્રશ્નપત્ર પૂર્ણ કર્યું હોવાનું જણાવ્યું હતું. આજના પેપર સાથે ધોરણ-12 સાયન્સ પ્રવાહની બોર્ડ પરીક્ષાઓ પૂર્ણ થતાં વિદ્યાર્થીઓમાં રાહતનો માહોલ જોવા મળ્યો હતો. હવે વિદ્યાર્થીઓ પરિણામની રાહ જોઈ રહ્યા છે.

### પાંડેસરાની પારસ...

માટે વીજ કંપનીને પણ સૂચના આપવામાં આવી હતી.આ ઘટનાની તપાસ માટે ફેક્ટરી ઈન્સ્પેક્ટર દ્વારા સ્થળની મુલાકાત લઈ રિપોર્ટ તૈયાર કરવામાં આવ્યો હતો. રિપોર્ટમાં સુરક્ષા નિયમોની ગંભીર અવગણના થઈ હોવાનું સામે આવ્યું હતું. ટેન્કની સફાઈ માટે મશીનરીનો ઉપયોગ કરવો જરૂરી હોવા છતાં મજૂરોને સીધા જ ઝેરી વાયુ ભરેલી ટેન્કમાં ઉતારવામાં આવ્યા હતા, જેના કારણે ચાર મજૂરોના ગુંગળામણથી મોત નિપજ્યા હતા.

ફેક્ટરી ઈન્સ્પેક્ટરે આ મામલે પારસ ડાઈંગના માલિક મનીષ જૈનને સીધી નોટિસ ફટકારી છે. જોકે, આટલી ગંભીર ઘટના છતાં પાંડેસરા પોલીસ દ્વારા હજુ સુધી સ્પષ્ટ રીતે ગુનો દાખલ કરવામાં આવ્યો નથી તેવી ચર્ચાઓ ચાલી રહી છે. સ્થાનિક લોકો તથા મજૂર સંગઠનોનો આક્ષેપ છે કે આ કેસમાં પોલીસની કાર્યવાહી કાચબાની ગતિએ ચાલી રહી છે.આ ઘટનામાં ચાર ગરીબ મજૂરોના જીવ ગયા હોવા છતાં જવાબદાર લોકો સામે તાત્કાલિક પગલાં ન લેવાતા લોકોમાં અસંતોષ ફેલાયો છે.

આ સમગ્ર મામલે રાજકીય આકાઓનું દબાણ છે કે પછી પોલીસ અધિકારીઓ અને મિલ માલિકો વચ્ચેના સંબંધો અસરકારક બની રહ્યા છે તેવી ચર્ચાઓ પણ ઉઠી રહી છે. જોકે, અધિકૃત રીતે કોઈએ આ અંગે સ્પષ્ટતા કરી નથી. હાલમાં ગરીબ મજૂરોના પરિવારો ન્યાયની રાહ જોઈ રહ્યા છે. જો પોલીસ તાત્કાલિક કડક કાર્યવાહી નહીં કરે તો આ મામલો વધુ ઉગ્ર બનવાની શક્યતા નકારી શકાય તેમ નથી. શહેરમાં પણ ચર્ચા છે કે ચાર મજૂરોના મોતનો જવાબદાર કોણ અને ગરીબોને સાચો ન્યાય ક્યારે મળશે.

### દાનકુનીથી સુરત...

છેડાઓ વચ્ચેનું અંતર સમયની દ્રષ્ટિએ ઘટશે. હાલમાં માલગાડીઓને પેસેન્જર ટ્રેનોના ભારણને કારણે જે વિલંબ થાય છે, તે આ કોરિડોર બન્યા બાદ ભૂતકાળ બની જશે. ઔદ્યોગિક નગરી સુરત માટે આ કોરિડોર આશીર્વાદરૂપ સાબિત થશે, કારણ કે અહીંથી કાપડ અને હીરા ઉદ્યોગ સહિતના અન્ય માલસામાનને દેશના પૂર્વીય રાજ્યો સુધી પહોંચાડવો વધુ સરળ, ઝડપી અને સસ્તો બનશે. લોજિસ્ટિક્સ ખર્ચમાં મોટો ઘટાડો થવાથી વૈશ્વિક બજારમાં ભારતીય ઉત્પાદનોની સ્પર્ધાત્મકતા વધશે. DFCCIL ના વરિષ્ઠ અધિકારીઓએ આ બેઠકને પ્રોજેક્ટના પ્લાનિંગ સ્ટેજનું નિર્ણાયક ચરણ ગણાવ્યું હતું. આ કોરિડોર માત્ર રેલવેના પાટા બિછાવવા પૂરતો મર્યાદિત નથી, પરંતુ તે દેશની આર્થિક કરોડરજ્જુને મજબૂત કરવાનું એક મિશન છે. આગામી સમયમાં જ્યારે આ DPR ને અંતિમ મંજૂરી મળશે, ત્યારે જમીન સંપાદન અને અન્ય પ્રક્રિયાઓ વધુ વેગ પકડશે. સુરત જેવા આર્થિક કેન્દ્રને પૂર્વ ભારત સાથે સીધું જોડતી આ કડી ભારતની 'ગતિશક્તિ' યોજનાને પણ નવું બળ પૂરું પાડશે.

# ઉકાઈ મત્સ્યોદ્યોગ કેન્દ્રના અધિકારી 6 હજારની લાંચ લેતાં ઝડપાયા

**તાપી** ACBની સફળ ટ્રેપ, સબસિડી આપવાના બહાને લાભાર્થી પાસેથી લાંચ માંગી હતી



વ્યારાઃ તાપીમાં ઉકાઈ ખાતેની મત્સ્યોદ્યોગ વિકાસ કેન્દ્રમાં મદદનીશ મત્સ્યોદ્યોગ અધિક્ષક તરીકે ફરજ બજાવતા તેજસ ચૌધરી પોતાની ઓફિસમાં જ માત્ર 6 હજારની લાંચ લેતાં ACBના હાથે ઝડપાઈ ગયા હતાં. મળતી માહિતી મુજબ મત્સ્યોદ્યોગ અધિક્ષક તેજસ ચૌધરીએ સરકારની મત્સ્ય સંપદા યોજના અંતર્ગત લાભાર્થીઓને બાઈક તથા ઈન્સ્યુલેટેડ બોક્સ ખરીદવા માટેની સબસીડી આપવાના અવેજ પેટે લાભાર્થીઓ પાસેથી 5થી 8 હજાર રૂપિયા સુધીની લાંચની માંગણી કરતાં એક જાગૃત નાગરિકે ACBમાં ફરિયાદ થઈ હતી. જાગૃત નાગરિકની ફરિયાદને આધારે તાપી ACB એ ઉકાઈની મત્સ્યોદ્યોગ અધિક્ષક નિયામકની કચેરીમાં અધિકારીની ઓફિસમાં જ છટકું ગોઠવ્યું હતું અને લાભાર્થી સાથે હેતુલક્ષી વાતચીત કરી તેજસ ચૌધરીને 6 હજાર રૂપિયાની લાંચ લેતાં રંગે હાથ ઝડપી પાડ્યા હતા. ત્યારે તાપી જિલ્લામાં અન્ય ભ્રષ્ટ અધિકારીઓ અને કર્મચારીઓમાં ફફડાટ વ્યાપી ગયો હતો.


# આજે ગુજકેટની હોલ ટિકિટ ડાઉનલોડ કરી શકાશે

ગાંધીનગર : રાજ્યમાં ગુજકેટ-2026 પરીક્ષા 29 માર્ચ 2026ના રોજ લેવામાં આવશે. આ પરીક્ષા માટે વિદ્યાર્થીઓ આવતીકાલ તા. 17મી માર્ચના રોજ બપોરે 12 વાગ્યા પછી ઓનલાઈન બોર્ડની વેબસાઈટ પરથી હોલ ટિકિટ ડાઉનલોડ કરી શકાશે.

જેમાં ઉમેદવારોએ ગુજકેટ-2026માં ભરેલા આવેદનપત્રમાં નોંધાયેલા મોબાઈલ નંબર, અથવા ઈમેલ આઈડી અને જન્મ તારીખ અથવા એપ્લિકેશન નંબર દાખલ કરી એડમિશન કાર્ડ- હોલ ટિકિટ ડાઉનલોડ કરી શકાશે.

આ ઉપરાંત વિજ્ઞાન પ્રવાહની શાળાઓએ પોતાના ઈન્ડેક્સ નંબર તથા રજિસ્ટર્ડ મોબાઈલ નંબર ઉપર લોગીન કરી પોતાની શાળાના ગુજકેટ 2026 માટેના ઉમેદવારોના એડમિશન કાર્ડ ડાઉનલોડ કરી તમામ વિદ્યાર્થીઓને વિતરણ કરી શકાશે. આ હોલ ટિકિટ ઉપર શાળાના આચાર્યના સહી સિક્કો કરવાની જરૂર નથી. ગુજકેટ 2026 પરીક્ષાના ઉમેદવારોએ એડમિશન કાર્ડ હોલ ટિકિટની સાથે એક ફોટો આઈડી પ્રુફ જેમ કે આધાર કાર્ડ, ડ્રાઈવિંગ લાઈસન્સ, ધોરણ 12ની પરીક્ષાની ઓરીજનલ હોલ ટિકિટ સાથે લઈ જવાની રહેશે.


## પાંચમી પુણ્યતિથિએ શ્રદ્ધાંજલિ



**સ્વ. ગૌરીબેન જેકીશનદાસ જરીવાલા**

**સ્વર્ગવાસ : ફાગણ વદ ૧૩ સંવત ૨૦૭૭ તા. 09-04-2021**

**સ્વજનો વચ્ચેની ચીર વિદાય અને દેવલોક સિધાયાને આજે ૫ વર્ષ પૂરા થયા છતાં આપના સ્નેહભાવી ઉમદાસ્વભાવ, કુટુંબ અને સ્નેહીઓ પ્રત્યેની સુમેળ સદ્‌ભાવના તથા સુયોગ્ય આદર્શ વિચારોની છાયા હેઠળ આજે પણ હમોને આપની હાજરી વર્તાય છે અને એ જ સ્મૃતિઓને યાદ કરી હમો સર્વે કુટુંબીજનો આપને શ્રદ્ધાંજલિ અર્પણ કરીએ છીએ. પ્રભુ આપના પવિત્ર આત્માને પરમ શાંતિ અર્પે એવી પ્રાર્થના.**

લિ.

સ્વ. જેકીશનદાસ આદીતરામ જરીવાલા પરિવાર
સ્વ. કમળાબેન ઈશ્વરલાલ જરીવાલા,
પ્રબીર, વિહાના, પ્રણય, ભવ્યાંશી, રાધા, ધનેશકુમાર,
રૂચીતા, ગૌરવ, અંબીકા, જીજ્ઞેશ, કૈલાશ, રણધીર


## અનુસંધાન... પાના પહેલાનું

### ફોર્બ્સ યાદી...

ક્ષેત્રે 'ફિઝિક્સવાલા'ના ફાઉન્ડર્સ અલખ પાંડે અને પ્રતીક બૂબ પ્રથમ વખત અબજપતિઓની ક્લબમાં જોડાયા છે. પેટીએમના વિજય શેખર શર્માએ પણ ત્રણ વર્ષ બાદ આ યાદીમાં પુનરાગમન કર્યું છે.

બીજી બાજુ, ફોર્બ્સની આ વૈશ્વિક યાદીમાં 3428 નામ સામેલ છે તેમાં જેફરી એપસ્ટીન સેક્સ સ્કેન્ડલ સાથે જોડાયેલા નામોને કારણે મોટો વિવાદ પણ જોવા મળ્યો છે. વિશ્વના 19માં ક્રમના સૌથી ધનિક બિલ ગેટ્સ સહિત રિચાર્ડ બ્રેન્સન, સ્ટીવ ટીશ અને ગૂગલના સેર્ગેઈ બ્રિન જેવા દિગ્ગજોના નામ એપસ્ટીન ફાઈલ્સમાં સામે આવ્યા છે. આ દસ્તાવેજો જાહેર થયા બાદ ઘણા અમીરોએ માફી માગી છે અથવા તેમના હોદ્દા પરથી રાજીનામું આપ્યું છે. બિલ ગેટ્સે એપસ્ટીન સાથેના તેમના સંબંધોને 'મોટી ભૂલ' ગણાવી છે, જ્યારે હયાત હોટેલ્સના વારસદાર ટોમ પ્રિત્ઝકરે પણ હોદ્દા પરથી રાજીનામું આપ્યું છે.

### હોર્મુઝ મુદ્દે...

વડાપ્રધાન પેડ્રો સાંચેઝની સરકારે સ્પેનના લશ્કરી થાણાઓનો ઉપયોગ અમેરિકાને ઇરાન પર હુમલા માટે કરવા પર પ્રતિબંધ મૂકી દીધો છે. તો જર્મની અને ઇટાલી પણ આવી કોઇ કાર્યવાહીના પક્ષમાં નથી. યુરોપિયન દેશોએ સોમવારે અમેરિકી રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પ પાસે ઈરાન સામેના યુદ્ધ માટેની તેમની યોજનાઓ અને આ સંઘર્ષ ક્યારે ખતમ થશે તે અંગે વધુ વિગતોની માંગ કરી હતી; કારણ કે તેઓ પર્શિયન ગલ્ફમાં સુરક્ષા વ્યવસ્થા મજબૂત કરવા માટે યુદ્ધ જહાજો મોકલવાના ટ્રમ્પના આહ્વાન પર સહમત થવું કે કેમ તે અંગે વિચારણા કરી રહ્યા હતા. લંડનમાં, વડાપ્રધાન કીર સ્ટાર્મરે જણાવ્યું હતું કે બ્રિટન વ્યાપક યુદ્ધમાં સામેલ થશે નહીં, પરંતુ તે અમેરિકા અને યુરોપ તથા અખાતી દેશોના સાથીદારો સાથે આ ક્ષેત્રમાં યુકે પાસે પહેલેથી જ ઉપલબ્ધ માઈન-હન્ટિંગ ડ્રોનનો ઉપયોગ કરવાની શક્યતા અંગે ચર્ચા કરી રહ્યું છે.

### કટકની સરકારી...

કોલેજ અને હોસ્પિટલમાં સોમવારે વહેલી સવારે એક મોટો અકસ્માત સર્જાયો હતો. હોસ્પિટલના ટ્રોમા કેર આઈસીયુમાં લાગેલી ભીષણ આગમાં ઓછામાં ઓછા 10 દર્દીઓનાં મોત થયાં છે જ્યારે 11 કર્મચારીઓ દર્દીઓને સુરક્ષિત સ્થળે ખસેડતા સમયે દાઝી ગયા હતા.

આગ વહેલી સવારે 2:30થી 3:00 વાગ્યાની વચ્ચે શોર્ટ સર્કિટને કારણે લાગી હતી. આગના સમયે આઈસીયુ અને તેની આસપાસના વોર્ડમાં 23 દર્દીઓ સારવાર હેઠળ હતા, જેમાંથી 7 દર્દીઓનાં ઘટનાસ્થળે જ મોત થયાં હતાં, જ્યારે અન્ય 3 દર્દીઓએ સ્થળાંતર દરમિયાન ગૂંગળામણ અથવા દાઝી જવાથી જીવ ગુમાવ્યો હતો. દાઝી ગયેલા પૈકી પાંચ વ્યક્તિઓની હાલત ગંભીર હોવાનું જાણવા મળ્યું છે.

### રાજ્યસભા ચૂંટણી...

મંત્રી રામદાસ આઠવલે સહિત 26 ઉમેદવારો 9 માર્ચે ઉમેદવારી પત્રો ખેંચાયા બાદ બિનહરીફ ચૂંટાયા હતા. સોમવારે યોજાયેલી ચૂંટણીમાં શાસક NDA એ બિહારની તમામ પાંચેય બેઠકો પર વિજય મેળવ્યો હતો. જેડીયુ (JD-U) ના વડા નીતીશ કુમાર અને નિતિન નબીન ઉપરાંત અન્ય વિજેતા ઉમેદવારોમાં કેન્દ્રીય મંત્રી રામનાથ ઠાકુર (JDU) અને રાષ્ટ્રીય લોક મોરચા (RLM) ના વડા ઉપેન્દ્ર કુશવાહા સામેલ છે, જે બંને વર્તમાન સભ્યો છે અને ફરીથી ચૂંટાયા છે. ભાજપના શિવશ કુમાર પ્રથમ વખત સંસદના ઉપલા ગૃહમાં પ્રવેશ કરશે. ઓડિશાની ચાર બેઠકો માટે યોજાયેલી ચૂંટણીમાં (જ્યાં કુલ પાંચ ઉમેદવારો મેદાનમાં હતા), ક્રોસ-વોટિંગ વચ્ચે ભાજપે ત્રણ બેઠકો જીતી હતી. અહેવાલો મુજબ, ઓછામાં ઓછા પાંચ ધારાસભ્યો - ત્રણ કોંગ્રેસના અને બે BJD ના - સત્તારૂઢ ભાજપ સમર્થિત અપક્ષ ઉમેદવાર દિલીપ રાય ની તરફેણમાં મતદાન કર્યું હતું. બિહારમાં મહાગઠબંધનના ચાર ધારાસભ્યોએ મતદાન નહીં કરતા ભાજપને ફાયદો થઈ ગયો હતો.

### ટ્રમ્પની ધમકી...

અને કોઈ હકારાત્મક પ્રતિસાદ આપ્યો ન હતો. ટ્રમ્પે 'ફાઈનાન્શિયલ ટાઈમ્સ' સાથે વાત કરતા કહ્યું: તે યોગ્ય છે કે જે લોકો આ સામુદ્રધુનીના લાભાર્થી છે, તેઓ એ સુનિશ્ચિત કરવામાં મદદ કરે કે ત્યાં કંઈ ખરાબ ન થાય. તેમણે ઉમેર્યું, આપણી પાસે નાટો નામની સંસ્થા છે. અમે ખૂબ જ ઉદાર રહ્યા છીએ. અમારે યુક્રેન બાબતે તેમને મદદ કરવાની જરૂર નહોતી... પણ અમે કરી. હવે અમે જોઈશું કે તેઓ અમને મદદ કરે છે કે નહીં. કારણ કે મેં લાંબા સમયથી કહ્યું છે કે અમે તેમના માટે ત્યાં હોઈશું પરંતુ તેઓ અમારા માટે નહીં હોય. ટ્રમ્પે વધુમાં જણાવ્યું કે જો કોઈ પ્રતિસાદ નહીં મળે અથવા નકારાત્મક પ્રતિસાદ મળશે, તો તે નાટોના ભવિષ્ય માટે ખૂબ જ ખરાબ હશે.


बैंक ऑफ़ बड़ौदा Bank of Baroda

**આતલીયા શાખા :** સેડ નં. કે -I-II, જીઆઈડીસી, તા. ગણદેવી, જી.નવસારી, ગુજરાત. ઈન્ડિયા, ફોન : -૯૧-૦૨૬૩૪-૨૮૪૫૦૫
Email : antali@bankofbaroda.com

**પરિશિષ્ટ-૪ [જુઓ રૂલ ૮(૧)] કબજા નોટીસ**

નીચે સહી કરનાર **બેંક ઓફ બરોડાના** અધિકૃત અધિકારીએ સિક્યુરીટાઈઝેશન એન્ડ રિકન્સ્ટ્રકશન ઓફ ફાઈનાન્શિયલ એસેટ્સ એન્ડ એન્ફોર્સમેન્ટ ઓફ સિક્યુરીટી ઈન્ટરેસ્ટ એક્ટ ૨૦૦૨ અને તેમને મળેલ સત્તા હેઠળ આ ધારાની કલમ ૧૩(૧૨) સિક્યુરીટી ઈન્ટરેસ્ટ (એન્ફોર્સમેન્ટ) રૂલ્સ ૨૦૦૨ સાથે વંચાણે લઈ **તા.૧૧.૧૨.૨૦૨૫** ના રોજ ડિમાન્ડ નોટીસ બજાવીને દેવાદાર / ગીરવેદાર **શ્રી રાહુલ મનોજભાઈ નાયક અને સહદેવાદાર અને સહગીરવેદાર શ્રી મનોજભાઈ છગનભાઈ નાયક અને સહદેવાદાર અને સહગીરવેદાર શ્રીમતી ભાનુબેન મનોજભાઈ નાયક** ને નોટીસમાં દર્શાવેલ બાકી રકમ **રૂા.૧૨,૨૦,૦૮૪ (રૂપિયા બાર લાખ વીસ હજાર ચોર્યાસી પુરા) તા. ૧૧.૧૨.૨૦૨૫** ( ૧૧.૧૨.૨૦૨૫ સુધી ના વ્યાજ સહીત) હાઉસીંગ લોન ખાતા નં. ૦૯૫૧૦૬૦૦૦૦૩૧૯૮ અને રૂા. ૨,૩૫,૭૫૭/- (રૂપિયા બે લાખ પાત્રીસ હજાર સાતસો સત્તાવન પુરા)**તા. ૧૧.૧૨.૨૦૨૫** ( ૧૧.૧૨.૨૦૨૫ સુધી ના વ્યાજ સહીત) હાઉસીંગ લોન ખાતા નં. ૦૯૫૧૦૬૦૦૦૦૩૨૬૯ અને વધારાનું વ્યાજ અને ચાર્જીસ અને ખર્ચાઓ આ નોટીસ પ્રાપ્તીની તારીખ થી ૬૦ દિવસની અંદર પરત ચુકવી દેવાનું જણાવ્યું હતું.

દેવાદાર/ગીરવેદાર અને સહ-દેવાદાર/સહ-ગીરવેદાર આ રકમ પરત ચુકવવામાં કસુરવાર ઠર્યા હોવાથી દેવાદાર/ ગીરવેદાર અને સહ-દેવાદાર/સહ-ગીરવેદાર અને સામાન્ય રીતે જાહેર જનતાને અહીં નોટીસ આપવામાં આવે છે કે, નીચે સહી કરનાર અધિકૃત અધિકારીએ આ ધારા ૧૩ (૪) સિક્યુરીટી ના રૂલ ૮ સાથે વંચાણે લઈ તેમને આપવામાં આવેલ અધિકાર અનુસાર **તારીખ ૧૩મી માર્ચ ૨૦૨૬** ના રોજ આ સંપત્તિનો કબજો સંભાળી લીધેલ છે.

દેવાદારોનું ધ્યાન દોરવાનું કે તમને કલમ ૧૩ની પેટા કલમ (૮) ની જોગવાઈ મુજબ સુરક્ષીત મિલકતો છોડાવવા માટે પુરતો સમય આપેલ છે.

ખાસ કરીને દેવાદાર / ગીરવેદાર અને સામાન્ય જાહેર જનતાને અહીં ચેતવણી આપીને આ સંપત્તિ સાથે કોઈ પણ પ્રકારનો વ્યવહાર કે સોદો ન કરવાનું જણાવવામાં આવે છે. આ સંપત્તિ સાથે કોઈપણ પ્રકારનો વ્યવહાર કરવામાં આવશે તો તે **બેંક ઓફ બરોડાની** રકમ **રૂા.૧૪,૫૫,૮૪૧ (રૂપિયા ચૌદ લાખ પંચાવન હજાર આઠસો એકતાલીસ પુરા)** અને વધારાનું વ્યાજ અને અન્ય ચાર્જીસ વિગેરે ને આધિન રહેશે.

**સ્થાયી મિલકતનું વર્ણન**

તમામ ભાગ અને હિસ્સો ધરાવતી મિલકત 'રોયલ ડ્રિમ્સ-એ' નામની બિલ્ડીંગ ના ૨જા માળ નો ફ્લેટ નં. ૨૦૭-એ, બાંધકામ માપ ૬૬.૪૫ ચો.મીટર બિલ્ટઅપ એરીયા ગ્રામ પંચાયત ઘર નં. ૧૦૨૩/૭ વણવહેચાયેલ હિસ્સા જમીન માપ ૨૫.૫૬ ચો.મીટર રેવન્યુ સર્વે નં. ૩૮૩/૨ પૈકી માપ ૨૬૦૩.૦૦ ચો.મીટર, તલોધ બીલીમોરા, તા. ગણદેવી, જી. નવસારી ખાતે આવેલ છે. જેની ચતુર્દિશા : **પૂર્વ તરફ** : લીફ્ટ, **પશ્ચિમ તરફ** : ફ્લેટ નં. ૨૦૮/એ, **ઉત્તર તરફ** : ખુલ્લો પેસેજ પછીનો ફ્લેટ નં.૨૧૨/એ, **દક્ષિણ તરફ** : ખુલ્લો પેસેજ આવેલ છે.

**તા. ૧૩.૦૩.૨૦૨૬ સ્થળ : નવસારી** **અધિકૃત અધિકારી, બેંક ઓફ બરોડા આતલીયા શાખા**